# શ્યામ સુંદર.

1921 372

પ્રથમ ભાગ.

રચીને પ્રકટ કરનાર,

વૈદ્યકવિ દુર્લભ શ્યામ ધ્રુવ.

દ્વિતીયાવૃત્તિ.

સંવત ૧૯૭૭. સને ૧૯૨૧.

કે. એન. સેલર પ્રેસ. પરેલ રોડ—મુંબઈ.

# મંગલ યાચના.

## ગઝલ.

અમારી સેવનાથી આપ રાજી થાઓ તો બસ છે !
તમે સ્વાધીન છો સ્વામી ! અમારાં પ્રાણ પરવશ છે !

તમે કોપો કદી અમપર, અમે ઝાંખાં પડી ખસિયે !
હસી જો આપ બોલાવો, અમે તો હોઠમાં હસિયે !

અમે યશનાં સદા ભૂખ્યાં, અવર આશા નથી અમને;
અમારૂં જીવવું મરવું, અમે સોંપ્યું બધું તમને !

કહો 'હા' તો અમે રહીએ, કહો જો 'જાઓ' ક્યાં જઇએ !
વિનયથી હાથ જોડીને, અમે આધીન તો છઇએ.

તમે દિલના દિલાવર છો, અમે દિલનાં સદા સાચાં;
અમે કહિયે નહીં ફરિયે, અમારી એક છે વાચા.

અનુગ્રહ જો તમારો છે, હયાતી તો અમારી છે;
અમારા પ્રાણથી અમને, અમારી લાજ પ્યારી છે !

તમારી જીભ ત્યાં ચરણો, અમારાં ચાલવાનાં આ;
કહો ત્યાં મસ્તકો ધડથી, જરૂર જૂદાં થવાનાં આ !

વદે સુત શ્યામનો દુર્લભ, તમારો માર્ગ છે ન્યારો !
અમે તો મીણનાં પુતળાં, ઉગારી લ્યો અગર મારો.

# વાચકને.

## ભૈરવીની ગઝલ.

સુણો મમ બન્ધુઓ, શાણી બહેનો, શબ્દ મારા;
પ્રભુની પ્રેરણામાં, છે સુધાની, માત્ર ધારા.—સુણો.
નિપુણની આંખમાં, અવલોકવાની, ભિન્ન શક્તિ!
પ્રવિણના પ્રેમમાં, ઉછળી રહે, વાત્સલ્ય, ભક્તિ!
કુશલ ઉરમાં, ભરી છે, કલ્પનાની સૂક્ષ્મ સૃષ્ટિ!
નિહાળે કિન્તુ તેને, હોય જેની દિવ્ય દૃષ્ટિ!
ચતુર સ્ત્રી છાશમાંથી, મેળવે માખણ મજેનું;
કુવડને આવડે ના એંચતાં, પણ સત્ત્વ તેનું!
વિચક્ષણ હાથ ઝીણું, ધોયલું મલમલ જશે જો;
ઉડીને આંખ વળગે, રંગ એવો લાગશે તો!
અરીસો હોય જેવો, તે બરાબર નો ચહેરો;
નિહાળે સર્વ પણ, સમજે પ્રભાવ ન સૂર્ય કેરો.
ખબર નહીં રાગની પણ, તોય જે માથું ધુણાવે;
ગવૈયાને ઉરે તે, એટલો પાણી ચડાવે.
પરન્તુ જડ બની બેસી રહે, વા [illegible]પ ચલાવે;
વૃથા ગાનારને, આવા જનો પરિશ્રમ કરાવે!
નિમંત્રી સ્નેહી પિરસાવે વિવિધ પકવાન ભાણે;
રૂચ્યું, ખાધું, પચ્યું જે, તે ખરૂં જમનાર જાણે.
નથી છૂપાં રહેતાં, જીજ્ઞાસુ આગળ રહસ્યો;
ખરાં ખોટાં જણાઇ આવશે સ્વરૂપ, દૃશ્યો.
ગુણીની છેજ, પણ બલિહારી! ગુણ ગ્રાહકોની;
વદે છે શ્યામ સુત દુર્લભ, વધારે [illegible] તકોની!

# શ્યામ સુંદર.

સુંદરબા, દેવગૃહમાંથી પૂજન પૂર્ણ કરી બહાર આવે છે અને પોતાના સ્વામી શ્યામલાલને તૈયાર થઇને ખુરશી ઉપર બેઠેલો જોઈ તરતજ તેની આગળ દૂધનો પ્યાલો લાવી મૂકે છે. અહિંથી આ સંવાદનો આરંભ થાય છે.

( ચાલ હરિગીત છંદની. સોરઠ, સોહની તથા અન્ય રાગમાં પણ ચાલે છે. )

**શ્યામલાલઃ —**

પય તણો પ્યાલો કેમ મૂકયો? ચાહ શું કીધો નથી?
અફસોસ! આવો ખ્યાલ તેં, હજિ લક્ષમાં લીધો નથી!
શી જમાનાની ઝપટ છે! છે ભાન તેનું કે નહીં?
લવ ફરક તુજમાં જોઉં ના, જેવી હતી તેવી રહી! ૧

કરવો ખુશી કયમ કંથને, તે રીત તું નથિ જાણતી;
ખામી મળે ના ઘર વિષે, સુખ તે નથિ પણ માણતી;
નથિ પોલકાંનો પાર સાડી, ફેનસી દશ બાર છે;
ત્યમ ચળકતાં પાલીશવાળાં ઘરેણાં તૈયાર છે. ૨

હીરા અને મોતી તણા સટ, કરાવ્યા હમણાં વળી;
જોયું ન મેં મમ સાથ આ, સૌ પહેરીને તું નીકળી!
શણગાર જોઉં ન્યાતમાં, જ્યારે તું જમવા જાય છે;
સીમંત, લગ્ન પ્રસંગમાં, તુજ ચમક પણ દેખાયછે! ૩

જો કે ચહેરો છે મનોહર, ઠીક ગોરૂં અંગ છે;
પણ ટાપટીપ વિના વદનનો, છેક ઝાંખો રંગ છે!
નથિ કલબમાં તું આવતી. નથિ સભામાં પણ તું જતી;
નાટક, તમાસા, સિનેમાની, મોજ પણ નથિ ચાખતી! ૪

સ્હવારમાં નાહી બને કર, માલિકા લઈ ભગતડી;
રાખી વળી ઠાકર તણી, સુંદર છબી સામે વડી!
નૉવેલ તો નથી વાંચતી, કંઇ વાંચતી જોઉં કથા;
એમાં વળે શું? તું કહે, સમજું પરિશ્રમ હું વૃથા! ૫

તેં યુવતિયોને નયનથી, શું નથી જોઈ હાલની?
શો ફેનસી પોશાક એનો! ખુબી પણ શી ચાલની!
પતિ સંગ જાણે પરી દેખું! મલકતે મુખડે ફરે!
બહુ ચાગલું સ્મિતમાં વદી, નિજ નાથનું મનડું હરે! ૬

નવનવું જોઈ પ્રશ્ન પૂછી, ખુલાસા પણ મેળવે;
ચતુરાઈ શીખી લ્યે વિવિધ, અતિ એમ અંતર કેળવે;
તારા વિષે આ ગુણ ન દીઠા, શોચમાં તેથી રહું;
પાનું પડયું તે નિભાવીને, અન્ય માર્ગે હું વહું. ૭

પય વાળતો પાછું નથી, લે માન તારૂં રાખું હું,
ચા ને સ્થળે તુજ હાથનો રસ, આજ વ્હાલી! ચાખું છું;
આ દૂધ તો સ્વાદિષ્ટ છે, એમાં કશો સંશય નથી;
પય વિષે ભય જે અરૂચીનો, તે જરા પણ ભય નથી. ૮

સુંદરઃ—

વ્હાલી વિશેષણ વાપર્યું, એ શબ્દથી રાજી થઈ;
બસ! આજ મારા હૃદયની, સૌ ભ્રાન્તિયો ભાગી ગઈ!
ઓ નાથ! નવલાં હાવભાવો, મને લેશ ન આવડે;
જે છે કસુંબલ અસલ, તે પર રંગ કાચો નહીં ચડે! ૯

મન, વચન, કર્મ પરંપરાનું, કઠણ વ્રત કરવું પડે;
એમાં નકલ ઘૂસી ગઇ તો, કમોતે મરવું પડે!

ગતિ ગહન સેવા ધર્મની છે, આપ તે જાણો નહીં;
ચમકે ભલેની મીણિયું, પણ ખરો એ દાણો નહીં. ૧૦

છો આપ મારા દેવ હું છઉં, આપની તો કિંકરી;
રત આપમાં તેથી મને, બીજાં ગણે છે સુંદરી!
અધુના ગમે જે આપને, તે મને બિલકુલ ના ગમે;
જ્યારે તમોને નહિ ગમે, વ્હાલાં થઇશું તવ અમે! ૧૧

કોઠે પડી નહિ તુચ્છતા, તે હવે . કેમ કહો સદે!
સાધન જડે નહિ માપનું ત્યાં, દુઃખ નિત્ય પદે પદે;
હું પહેરૂં પટ છાજતાં, અણુ છાજતાં ઓઢું નહીં;
પ્રભુ પાસ પતિનું શ્રેય માગ્યા વગર હું પોઢું નહીં! ૧૨

નાટક નિરખવા જાઓ તવ હું આવતી સાથે નથી;
છે બેયનું કલ્યાણ એમાં, અનુભવે જોયું મથી;
જો શોખ લાગ્યો આપને, પરિણામ તેનું શું થયું?
મારા વિષે રત હતા તે મન, અવરમાં ચાલ્યું ગયું! ૧૩

ગમતી હતી આરંભમાં, મર્યાદ વાળી મમ મજા;
અભિનય નિહાળ્યા સાવ હલકાં, તેથી આ ઉપજી કજા!
છો આપ મારા શિરમણી, આ નેત્રના તારા તમે;
હૈયા તણા છો હાર માટે, હૃદય–રોષ નહીં દમે. ૧૪

છે સૂત્ર ભારતવર્ષના, સત્શાસ્ત્રનું બસ, બેશ આ;
પતિ ગમે તેવો હોય પણ, સ્ત્રી રહે પ્રેમાવેશમાં;
જે પૂર્વના સંસ્કારથી, જન્મી પુનિતના ઘર વિષે;
જે પરમ શિક્ષણ મેળવી, આવી શ્વશુરના ઘર વિષે. ૧૫

પુત્રી હતી જે એકની તે, અવર ઘરની થઈ વધૂ;
થોડું હતુ જોખમ પ્રથમ, આવ્યું અહીં માથે બધું,
મન આપનું કચવાય ના, સસરા તણું કચવાય ના;
સાસૂ અને નણંદલ તણું, અપમાન કિંચિત્ થાય ના. ૧૬

અસિ ધાર પર છે ચાલવાનું, કલ્પના મનમાં કરો;
ચૂકયા જરા તો થાય એમાં, અમારો કેવો મરો!
મેમાન આવે ઘર મહીં, સંતોષવા તેને પડે;
નાટક તણાં નખરાં નિરખવા, સમય ક્યાંથી સાંપડે! ૧૭

શું આપની આ માન્યતા છે, શ્રેષ્ઠ ત્યાં શીખીશ હું?
ના, ના, નહીં શીખી શકું, પણ અવગુણો વ્હોરીશ હું!
છે આપનું દૃષ્ટાન્ત મોજુદ, અંન્યનું લેતી નથી;
મન આપનું દુઃખાય તેથી, કદી પણ કહેતી નથી. ૧૮

હૉટેલમાં જાઓ અને, તમતમું ત્યાં ખાઓ તમે;
ચા, કૉફી, સૉડા, આઇસ, શર્બત, ખૂબ ઉડાવો તમે!
પ્રભુ કૃપા મમ પર એટલી કે, કોઇ રોગ નથી થયો;
બાકી વટલવાડા વિષે, આચાર તો ચાલ્યો ગયો! ૧૯

પૂછાય નહિ પછિ ભાવ અહિંનો, જમ્યા કે ભુખ્યાં રહ્યાં!
જ્યાં સ્નેહ સ્વામીનો નહીં, ત્યાં જાય દિન એમજ વહ્યા!
આવા સ્થળોમાં દોસ્તદારો, મળે કેવા આપને;
ભયભીત હું બનિ જાઉં જો, ખેંચું બધાં અનુમાનને! ૨૦

ત્યાં આપ નજરે ખાનદાનો, કેટલા દેખાય છે?
દેખાય જે, તે ખાનદાનોમાં, કહો લેખાય છે!
શું લુહારોની કોડમાં રજ, શ્યામ નહિ તો શ્વેત છે!
માતા પિતા સ્નેહી, સગાં સમ, શું અવરનું હેત છે? ૨૧

મતલબ તણા એ છે બજારો, ગમારો ત્યાં જાય છે;
સાઠા દિવસના માણસો, ત્યાં ફરી ખત્તા ખાય છે!
ફેશન તણો ક્યાં પાર છે? સૌ શોખમાં તૈયાર છે;
એ શોખમાં જ્વાળા ઉઠે, તે કોક દ્રગ જોનાર છે. ૨૨

જે પ્રથમ ભાસે છે સુધા, પરિણામમાં વિષ તેજ છે;
જે પ્રથમ ભાસે વિષ સમું, પતિ! સ્વર્ગ અમૃત એજ છે;

જ્યાં ત્યાં ભમો છો આપ તેની આપને તો છૂટ છે;
પણ અમારા ઉર પર પ્રભુ! શુભ ધર્મના સો પૂટ છે! ૨૩

મર્યાદ મૂકી અમારાથી, રંચ પણ બોલાય ના;
ત્યમ પુરૂષની પંક્તિ વિષે, અમ જાતિથી બેસાય ના;
ગૃહ સ્વચ્છતા, ગૃહનાં કણો, ગૃહ વ્યવસ્થા જો કર ચડી;
ભોજન તણી સ્વાદીષ્ટ વાની, પકવતાં જો આવડી. ૨૪

આ સાથ જે શીખી ગઈ, ગૃહવધૂ શિષ્ટાચારને;
છે ધન્ય! આ સંસારમાં, તે નારના અવતારને!
પરતંત્ર અમને આપ જાણો, કિન્તુ ત્યાંજ મિઠાશ છે;
પણ આપના સ્વાતંત્ર્ય દ્વારા, ઘર વિષે કડવાશ છે! ૨૫

ક્યમ કે થયા મોટા હવે, માતા પિતા નવ કહિ શકે;
હું કહું તો પ્રભુ! આપ સમજો, ઘેલી થઈ કોઇ બકે!
અમ અબળ કેરૂં શું ગજું, થઈ મૂક સૌ ખમવું પડે;
જે ખમી લવ શકતી નથી, તે ખૂણમાં બેસી રડે. ૨૬

આ સહનતા વા અશ્રુઓની, અજ્ઞને કિંમત નથી;
ત્યમ તે વજન દેખાડવાની, ઉર વિષે હિંમત નથી;
જ્યાં સદાચરણી પુત્ર છે, જ્યાં સદાચરણી છે વધૂ;
તે ગૃહ તણી પૃથ્વી સકળ, પ્રભુ! જાણી લેજો સ્વર્ગ ભૂ! ૨૭

ઉઘડી ગયું મમ ભાગ્ય આજે, શબ્દ આ શ્રવણે ધરો;
પ્રભુજી પ્રસન્ન થયા કિંવા, ક્યાંથી વહ્યો સુખનો ઝરો!
જે ધર્મ નીતિ જાળવીને, બાપથી અધિકું રળે;
જે પ્રતિષ્ઠા કુળની વધારે, મોહ દ્વારા ના ચળે. ૨૮

જે ઇષ્ટને સેવે સદા, જે ન્યાયના શબ્દો વદે;
જે દુઃખ જોઈ ના ડરે, જે ચડે ના સુખમાં મદે;
જેને મળી સંતોષ પામે, અવર જન પણ આમના;
તે પુત્રની બે લોકમાં, રહિ જાય રૂડી નામના! ૨૯

જે કુલવધૂ ગૃહને દિપાવે, નિજ તણી સરસાઈથી;
ગૃહ છિદ્રને ઢાંકી દીયે, જે દ્રઢ બની ચતુરાઈથી;
જે વધૂ બાહ્યાચારમાં મોહિત જરા થાતી નથી;
જે વધૂ પૂજ્ય રજા વિના, પર ઘર વિષે જાતી નથી. ૩૦

કદિ જાય તો મર્યાદ સાથે, તે વધૂને ધન્ય છે!
બીજી બધી મુજ મન વિષે, નહિ વધૂ પણ એ અન્ય છે!
ઉપમા ઉઘાડી આપું ના, લજ્જા રહે ના એ વડે;
ઉપનામ આપો આપ શ્રી, મુજને નહિં સરખું જડે. ૩૧

જે ઉતરતાના સંગમાં, રાત્રી અને દહાડે ભમે;
તે ઉતરતાના રંગથી, રંગાઇને તેમાં રમે;
આવા પુરૂષનું દ્રવ્ય પણ, ઉલટી દિશાઓમાં વળે;
શું બીજ ઉત્તમ ક્ષાર ભૂમાં, કોટી ઉપચારે ફળે! ૩૨

જ્યાં રજો ગુણ ત્યાં સત્વને અર્પાય છે તિલાંજલી;
ત્યાં ધર્મ-કર્મ રહે નહીં, દીવો ઉતારે કજ્જલી!
ત્યાં પૂજ્યની પૂજા નહીં, ત્યાં દયા દીન પરે નહીં;
ત્યાં દાન ન મળે પાત્ર કરમાં, સમય ત્યાં સુધરે નહીં ૩૩

જ્યાં વૃત્તિ વિષયાકાર થઇ, સમતા પછી ત્યાં ક્યમ રહે?
છૂટી સમાધી શીલની જ્યાં, કોણ ત્યાં સાચું કહે?
સદ્બોધ આવી વ્યક્તિને, પરિપાક વિન લાગે નહીં;
હજિ ઉંઘતો જાગે કદી, પણ જાગતો જાગે નહીં! ૩૪

જોકે અનિત્ય સમગ્ર છે, પણ તોય એ ત્યાં સ્થાન છે;
છે ઉર્ધ્વમાં અતિ માન ત્યારે, અધોમાં અપમાન છે;
ચડવું પગથિયું કઠણ છે, પણ ઉતરવું તે સ્હેલ છે;
ધન ખોઇ દેવું સહજ છે, પણ કમાવું મુશ્કેલ છે! ૩૫

જે છે અસંગ, પ્રસંગ પુરતાં, કાર્યમાં જે લુપ્ત છે;
તેને મળે છે માર્ગ અંતે, ગુપ્તમાં જે ગુપ્ત છે;

આનંદ આથી શો ! વધારે, ભાગ્ય આ ક્યાંથી ભળે ?
પ્રભુ પ્રેરણા જો થાય તો, શ્રમ અલ્પ દ્વારા તે મળે. ૩૬

વર વધૂમાં સંતોષ જ્યાં, ત્યાં મૂલ્ય શું છે સ્વર્ગનું !
નિષ્કલંકિત જ્યાં જીવિત ત્યાં, ચાલે ન પાપી વર્ગનું;
પતિ પ્રેમ જો નવ હોય તો, પત્ની ભયે ડગલાં ભરે;
રમણી બને છે વિગુણ, નમણી કુરૂપતા ધારણ કરે ! ૩૭

છે સ્વાદમાં ઓછું તથાપી, પ્રેમનું પકવાન જ્યાં,
છે સ્વાદમાં સારૂં ઘણું, પણ સ્વાર્થનું સન્માન જ્યાં;
આ બેયમાં ઉંચું કયું ? ઓ નાથજી ! આપજ કહો;
જો સુણો છો તો પ્રશ્ન પૂછું, લેશ મન ચંચલ ન હો ! ૩૮

ઓ કાન્ત ! જયમ સરખી નથી, આ પાંચ કરની આંગળી;
ત્યમ સુઘડ નરને કર્કશાનો, યોગ પણ આવે મળી !
ઉરમાં વિચારો આપ શ્રી, આ બિચારાનું થાય શું ?
કાશી વિષે કંટાળીને, કર્વત મુકાવા જાય શું ! ૩૯

સદ્ભાગ્યવાળા આપ આવી ભાળમાં ચ્હોંટી નથી;
આ છૂટ ભૂલી જાત સર્વે, નાથ ! હું ખોટી નથી;
ફેશન તણી ફિશિયારીનું, લેસન નથી સારૂં કદી;
એના વહન દ્વારા બને છે, વિમળ જીવન પણ રદી; ૪૦

નથી શોભતું સાદું જીવન ! ફેશન વિષે વધુ દીપ્તિ શું ?
જ્યાં શાન્તતા જળવાય ત્યાં, એથી વધારે તૃપ્તિ શું ?
જ્યાં કામ છે ત્યાં ક્રોધ છે, જ્યાં ક્રોધ છે ત્યાં મોહ છે;
આ મિત્ર ત્રણ સાથે વસ્યા, કે સત્યનો ત્યાં દ્રોહ છે. ૪૧

નકલી હીરામાં અસલ જેવી, ચમક શું જોઇ તમે ?
જ્યાં હોય નવ ત્યાં જુવો શું ? નભ વાદળાં નભમાં શમે;
શુભ શુભ બધું સચવાય જ્યાં, ત્યાં વેઠ જેવું કંઇ નથી;
જ્યાં અશુભને આદર મળે, ત્યાં દુઃખ એવું કંઇ નથી.

મન વગરનાં જ્યાં વીશ હાજર, હાજરી તે નામની!
પણ એક મન વાળું ઉભું, તે હાજરી છે કામની!
મુજને ગણો અજ્ઞાન એમાં, વાંક મારા કર્મનો!
પ્રભુ! આપ તો નિર્દોષ છો, છે દોષ મારા ધર્મનો! ૪૩

પણ શું કરૂં મમ કઠણ વ્રત, આ છોડી હું શકતી નથી;
અનુકરણ કરવા જાઉં નૂતન, તોય ત્યાં ટકતી નથી:
ભોળી નથી કે એ બગાડું, એક તો સાધી લઉં;
અહિંનું ન તો પર લોકનું, ભાતું ભલું બાંધી લઉં. ૪૪

જો ચેતશો તો ઠીક છે, ઉપરી નથી હું આપની;
જેવી ગણો તેવીજ પણ, પ્રભુ! ચરણરજ છું આપની;
જો રત્ન ગણશો રત્ન તો, પથ્થર ગણો તોયે ભલે;
જો ખોળશો તો રાગ જડશે, દ્વેષ અંશો નહિ મળે. ૪૫

છે ઇન્દ્રિયો તો અગ્નિ જ્વાળા, સેંકડો આહુતિયો;
સ્વાહા કરી એ જાય છે, પણ તૃપ્ત થાય ન દ્રુતિયો!
છે નૂર મારામાં તમારૂં, તે વડે બોલુંજ હું;
સામે ઉભા સુણનાર તેથી, હૃદય પટ ખોલુંજ હું! ૪૬

પતિ વગર શું બીજા કને, આ ગુપ્ત વાતો થાય છે!
સુખ દુઃખના ભાગી વગર, અંતર તણું કહેવાય છે!
આજ્ઞા વડીલોની અમારે, માત્ર સાંભળવી પડે;
રૂચે અગર રૂચે નહીં, પણ પાળવી સઘળી પડે. ૪૭

લઘુવયીને સંભાળવાનું, કાર્ય ગૃહલક્ષ્મી કરે;
ગૃહરમા આમાં વાત ઉરની, કોણ આગળ કહી ઠરે!
પતિ વગર બીજું પાત્ર ન મળે, પુરૂષને છે સેંકડો;
સાહેલિયો જોકે અમારે, પણ મળે ના એકડો! ૪૮

મિત્રો મહીં દૂષણ પુરૂષનું, પ્રકટ જોકે થાય છે;
એ દૂષણો પણ એટલામાં, સૌ છુપાઈ જાય છે!

પણ રજ તણું જ્યાં થાય ગજ, ત્યાં ગુપ્ત કાંઇ વહાય ના;
વહિયે કદી તો નારીના, એ પેટમાંય સમાય ના. ૪૯

જ્યાં એક પીંછે થાય સો, આ ભેદ કોણ કહો કળે !
મારા સમી આ રાંકડીના, ભોગ ત્યાં પૂરા મળે !
જો છૂટ અમને આપશો તો, અમે પણ લાયક નથી !
છો અમારા નાયક તમે, પણ તમારો નાયક નથી ! ૫૦

કદિ એકલાં કે બેકલાં, સરખાં મળી ચાલ્યાં અમે;
નહિ ને ચડયુંય કલંક તો, પછિ શાન્ત શું રહેશો તમે ?
અમને સહન કરવા તણી છે, ટેવ તેથી આપનો;
લવ દોષ દેખાતો નથી, આ છે હિસાબ અમાપનો ! ૫૧

નિર્દોષ હોઇએ સાવ તોયે, જાતિ અમ શંકા તણી;
સંકોચ વાળી હદ અમારી, પુરૂષની મ્હોટી ઘણી !
સંગીન કેળવણી નથી, હજિ પુરૂષમાં મારા ધણી !
શીખે અધૂરૂં તરૂણી, નહિ થાય શું ગર્વી ઘણી ! ૫૨

પ્રાચીન અર્વાચીનની વચ્ચે, બધાં અથડાય છે;
સિદ્ધાન્ત સાચો શ્યામ ! કયાં ખીલે હવે બંધાય છે ?
જે વસ્યું જેના મન વિષે, તે ખરૂં તેને લાગશે ;
એ નીતિની શું રીત છે ? એમાં પ્રભુ કયાંથી વસે ! ૫૩

પાયા વગરનું ઘર કદાપી, ટકેલું જોયું તમે ?
નથિ સમજતી હું, પાઠ આવા, ભણેલાને કાં ગમે ?
જો કે હિમાયત હું કરૂં છું, ઉચ્ચ વિદ્યાભ્યાસની;
સંતોષ પણ થાતો નથી, જોઉં પ્રણાલી ત્રાસની. ૫૪

બસ બેય બાજુ ખોટી છે, પ્રભુ ! એક પણ સાચી નથી;
ગીતા તમે વાંચી હશે, પણ વિચારી વાંચી નથી;
હદ વગરનો સંકોચ શો ? અબળા તણો અપરાધ શું ?
હદ વગર નરને છૂટ શી ! લાગે ન એને બાધ શું ! ૫૫

પતિવ્રત વધૂને પાળવું, ને પત્નીનું વરને નહીં!
એ ન્યાય ક્યાંનો નાથ મારા? બંધ શું નરને નહીં!
અતિયોગ આ સંકોચનો, સ્ત્રી જાતિમાં જેઓ કરે;
તે શત્રુઓ છે અમ તણા, એ થકી બાળાઓ મરે! ૫૬

વિશ્વાસુ માણસ સાથ ઉત્તમ સ્થાનમાં સ્ત્રી જો ફરે;
ચોખ્ખી હવા શુભ સંગથી, તન, મને કિંતુ સુધરે
સ્ત્રી પુરૂષની અર્ધાંગના, અકળાવવી એને નહીં;
ગોલી નહીં ગણવી જરા, ધિક્કારવી એને નહીં. ૫૭

છે ગૃહ તણી એ શુદ્ધ દેવી, નરકની વાસી નથી;
દાસી ભલે કહેવાય પતિની, કિંતુ એ દાસી નથી;
માતા પિતા ગોતી દિયે, પતિ રૂપ જે તેને ગણે;
તે ધૈર્યની પ્રતિમા ખરી, શું અવરથી એવું બણે? ૫૮

સંતોષ આવી બાલિકાને, આપનારા માનવી;
છે દેવ સમ, સંતાપદાતાની ક્રિયા છે દાનવી;
છે સુધારાની બહુ જગો, એ મને સર્વ કબૂલ છે;
નથિ જાણતાં સાચું હજી, જન સમુહની એ ભૂલ છે. ૫૯

ભવિતવ્યનો ન વિચાર જ્યાં, ત્યાં બધુંએ અપસવ્ય છે;
જ્યાં વર્તમાન ઘડાય શુભ, ત્યાં સવ્ય સાથે ભવ્ય છે;
જ્યમ જ્યમ દબાતી જાય તેને, દાબશો કોઇ નહીં;
છે ઉપાડે છે ભાર ત્યાં, વધુ લાધશો કોઇ નહીં. ૬૦

મુંગી મરી જાશે પછી, એને તમે નહિ દેખશો;
એ બિચારીને રહી જશે, બેકદર કેરો વસવસો;
આ પાપ જો કે છે રૂઢીનું, તોય તમને લાગશે;
દુર્ગતિ એની થઈ હશે તો, ભૂત થઈને જાગશે! ૬૧

જે ગૃહ વિષે ગૃહ દેવીઓ, આનંદમાં વસતી નથી,
તે સ્થાનમાંથી સો ઉપાયે, આપદા ખસતી નથી;

ગુણ, વય તથા સ્થિતિ, રૂપ, કુળ, માતા પિતા જોતા નથી;
એકાદ આવ્યું ધ્યાનમાં કે, તક પછી ખોતા નથી! ૬૨

કુળ જોઇને કોઈ ધકેલે, કોઈ તો ધનને દિયે;
કોઇ વિચાર કર્યા વગરનો, લગ્નનો લ્હાવો લિયે!
થોડાંજ જોડાં બહુ કજોડાં, એય પણ અતિ કષ્ટ છે;
પ્રભુ! આપણા વ્યવહાર કેરા, અંગ વાંકાં અષ્ટ છે! ૬૩

નર આપ છો હું નારી છું, આમાં પરોવો ચિત્તડું;
આશ્રય ત્યજો ત્રાટાં તણો, મજબૂત પકડો ભીંતડું!
અજ્ઞાનથી આ દેશ ઉત્તમ, અમંગળમાં જઈ પડયો;
તેનો કરો ઉદ્ધાર વ્હાલા, સમય શુભ હાથે ચડયો! ૬૪

આજ્ઞા તમારી હોય તો, હું આપની સાથે રહું;
કર્તવ્ય આ મારૂં તમારૂં, અવરને ફાંફાં કહું!
કાં તો અમારી જે સ્થિતિ છે, હાલ તે રહેવા દિયો;
ભલું દેશનું કરવા ચહો તો, દાસીને જોડે લિયો! ૬૫

બેમાંથી એક કરો પ્રભુ! છો ભણેલા, વિદ્વાન છો;
છે તક મજેની હાથમાં, નથિ વહિ ગયું, ધનવાન છો;
હઠ પકડીયે તો શ્રેષ્ઠ નહિંતર, ચૂપ થઈને બેસીએ;
કરિયે નિરંતર કામ સીધું, કુટિલમાં નવ પેસિયે. ૬૬

મરવું બહેતર સુભગમાં, દુર્ભાગ્યમાં જીવવું બુરૂં;
પરહિત અગર જપ, તપ વિષે, આયુષ્ય આ કરવું પુરૂં;
આવ્યા હતા શું લઇ અહીં? લઇ જવાનું શું છે વળી?
છે ધર્મ સાથે આવવાનો, અન્ય સૈ જાશે ચળી. ૬૭

મેં અરૂણોદય આજ મમ, દીઠો પ્રભુ! તેથી મને:
આનંદ જે ઉત્પન્ન થયો તે, કહી શકું ક્યમ આપને?
છે આપ પ્રત્યે સ્નેહ મારો અખંડિત, ફળ તે તણું;
મુજને મળ્યું પ્રભુ અનુગ્રહથી, આમ હું નક્કી ગણું. ૬૮

સુધરો અગર એવા રહો, તેની મને ચિંતા નહીં;
મેં ફરજ મારી બજાવી છે, કઠણ બહુ શબ્દો કહી;
જો કે વિનય મેં સાચવ્યો છે, ક્યાંક નથિ રાખી તમા;
મારા વિનયથી આપની, ચડી જાય પણ ધીરજ ક્ષમા ! ૬૯

છે ચમત્કાર ! ન અન્ય માનું, કાં પ્રભુની આ દયા;
હું એમ સમજું આજથી, કે દિન નઠારા તો ગયા !
કહિ જાય ના આવા રહે, પણ ખાલી મમ કોઠો થયો !
એકે પ્રયોગ અપૂર્ણ પ્રભુએ, રાખ્યો નહિ તો નહિ રહ્યો ! ૭૦

અવળું વદાયું હોય તો, કરજો ક્ષમા શિરછત્ર છો;
માગી લઉં સામે ઉભી, કરજોડી કયમ કે અત્ર છો;
પ્રભુ ! પધારો હું જાઉં છું, ગૃહકાર્યમાં ગુંથાઉં છું;
આ પરમ અવસર ભાળીને, અત્યંત પુલકિત થાઉં છું. ૭૧

श्यामलाल.—

ભય રાખ મા ઓ સહચરી ! ગૃહકાર્ય એ તો થાય છે !
મારૂં શ્રવણ કીધા વગર, ક્યાં આમ ચાલી જાય છે !
આશ્ચર્ય પામું પ્રેમદા હું, તારી આતે શી ક્રિયા !
શું પ્રાપ્ત થઇ છે ભવ વિષે, તારા સમી મુજને પ્રિયા ! ૭૨

હું માનતો'તો મૂર્ખ તુજને, મૂર્ખ પણ હું નીકળ્યો !
વાંચ્યું, લખ્યું, ગોખ્યું ઘણું, પણ કોઈથી ના પીગળ્યો !
તું સભામાં તો ગઇ નથી, ભાષણ નથી બહુ સાંભળ્યાં;
અંગ્રેજી તો શીખી નથી, આ વિચારો ક્યાંથી મળ્યા ? ૭૩

શું અમારાથી તું ચડી ? આ સ્વપ્ન છે કે સત્ય છે !
આ મનુષ્યોનું કૃત્ય છે, કે દેવ કેરૂં કૃત્ય છે ?
તુજ જીભ પર શું શારદાજી, આવીને બેઠાં હતાં ?
અથવા હૃદયમાં શું રમા, ઉંડાણમાં પેઠાં હતાં ? ૭૪

અનુમાન મારૂં એક આ, મમ રત્ન છુપું તું હતું !
તારી કદર કરવા પ્રભુએ, આજ તે કીધું છતું !

મુજને ઉગાર્યો નરકમાંથી, સ્વર્ગમાં લાવી મૂક્યો;
સાચું પ્રિયા મમ માનજે, હું હજી ધર્મ નથી ચૂક્યો, ૭૫

કુસંગની જો કે અસર, ઉર લાગવા માંડી હતી;
થોડી ઘણી મર્યાદ કુળની, મૂળથી છાંડી હતી;
તો પણ રહ્યો છું છેક કોરો, દારૂ મેં પીધો નથી;
તજી ભક્ષ્ય લેશ અભક્ષ્યનો મેં, માર્ગ હજિ લીધો નથી. ૭૬

ગમતી નહોતી પ્રથમથી, એવી રકાબી આંખને;
એ ચીજ જોઇ આવતાં સુગ, ફેર ચડતો'તો મને!
જીવદયા મંડળ બોધ મેં, વાંચેલ તેથી ના ગમ્યું;
વળિ દોષ જાણું માંસના, તે થકી લાલચ બળ શમ્યું. ૭૭

એ વગર મેલાં રજકણો, મમ અંતરે વળગેલ છે:
તે આજ તારા શબ્દરૂપી, અગ્નિમાં સળગેલ છે:
બે ચાર દિનમાં રાખ એની, થઈ જવાની છે હવે:
આવ્યો અભાવો ક્યમ રહે? બસ, બળી એ જાશે દવે; ૭૮

જે કોઇ ના જાણી શકે તે, કેમ તું જાણી ગઇ?
ઘરમાં રહીને કેમ તું, આ દરજ્જે શાણી થઈ?
પ્રાચીન અર્વાચીનનું તું, સ્વરૂપ સમજે છે ખરૂં;
છે બેયનાં હિતની દિશા, વ્રત બેયનું છે આકરૂં. ૭૯

હું મધ્યકાળ તણી લગારે, વાત કરવાનો નથી;
એ જમાનાની રૂઢીઓથી, કોઈ તરવાનો નથી;
આ સમયમાં લવ સુગમતા, કે શાન્તતા લેખાય ના;
પ્રાચીનતા ત્રૂટી જવાથી, સત્યતા દેખાય ના. ૮૦

પરિણામ એનું આપણે, આ નેત્ર દ્વારા ભાળિયે;
ચાલ્યા ગયા ને જાય જે, તે દિવસને સંભારિયે;
લગ્નો વિષે ગોટો વળ્યો, અભ્યાસમાં ગોટો વળ્યો;
આશ્રમ તથા વર્ણો વિષે, રૂઢી તણો સોટો ભળ્યો. ૮૧

ભારે હતું અઠવાડીયું આ, બીક તે નાસી ગઈ;
મુખ ધરત પ્યાલી મદ્યની, તે ગળાની ફાંસી ગઈ!
સુણુ મમ પ્રિયા! પુણ્ય પૂર્વજોનું અગર તો તારૂં મને;
દેખાય છે પ્રત્યક્ષ, લવ દેખાય ના મારૂં મને. ૮૨

હું પતિત છું, સરતો જતો'તો, ઘાટ આ દૈવે રચ્યો;
હું બચ્યો મુજને બોધ તારો, રૂચવા સાથે પચ્યો!
હું હતો નાસ્તિક થયો આસ્તિક, ઓળખું તે દેવને;
બે ઘડીમાં બળસાવી જેણે, મમ અનેક કુટેવને. ૮૩

માનું હવે જે મુખ્ય સત્તા, એકની વ્યાપી રહી;
તે શકિત સૌને કર્મ સમ, સુખ દુઃખ શું આપી રહી!
આ ફેરફારો શા અને, આ તિમિર શું! શી રોશની!
મુજને ખબર પડતી નથી, કંઈ ગુણ અગર તો દોષની! ૮૪

હું મારૂં સમજું તોય બહુ છે, અવરનું જાણે અવર!
તારી કદર નહિ જો મને, તો તને શી મારી કદર!
જો ભલું ઈચ્છયું મારૂં તેં, તો ભલું મારૂં થઇ ગયું;
જોતો હતો ભય વાદળું, વિખરાઈ તે કયાં વહી ગયું! ૮૫

તું શાન્ત થા! આતુર ન થા! આ હૃદય મારૂં સાફ છે;
પ્રભુ કહે મુજને એમ કે, તારા ગુન્હાઓ માફ છે!
મેં કદર તારી ના કરી, પણ સતાવી તુજને નથી;
મારો મને છે શોચ, તારો શોચ પણ મુજને નથી! ૮૬

છે તેલ તલમાં, પયે ઘી, પણ આપણે નવ દેખિયે;
કરિયે ક્રિયા તો નીકળે, પણ તે વગર નવ પેખિયે;
જે તુંજ છે તે હુંજ છું, જે હુંજ છું તે તુંજ છે;
દેખાય બે પણ એક ગણ, આ હૃદયરસનો કુંજ તે. ૮૭

તારા ગુરૂનું પદ હતું જે, તે તજ્યું છે મેં હવે;
લાયક નથી તેથી મને, તે પદ ન હમણાં પાલવે;

બાજી બધી બગડી જતી'તી, તે સુધારી આજ તેં;
જે કોઇથી પણ ના બને, તેવું કર્યું છે કાજ તેં. ૮૮

અપકાર તો મારો વધે, ઉપકાર પણ તારો વધે;
એ લાખની બક્ષીસ કરતાં, એક સધિયારો વધે;
હું પડત ઉંડી ખાઇમાં, ત્યાં હાલ મારા થાત શું?
તક આ મળી નહિ હોત તો, પરવશ બની મરિ જાત હું! ૮૯

બહુ ધન ગુમાવ્યું મેં નથી, એ અણી પર આવ્યો હતો;
મારા હરામી સાથિયોએ, મને ભરમાવ્યો હતો!
જો કે જુગારી હું હતો, સટ્ટો વળી કરતો હતો:
મન મારી તેમ વિચારીને, હું પાય પણ ભરતો હતો. ૯૦

પણ પછી એજ લગામ કરમાં, રહેત કે નહિ રહેત તે;
હું કશું કહિ શકતો નથી, કેવો હતો સંકેત તે;
બસ! હવે તો આફત ગઇ એ, શુદ્ધ તેં કીધો મને;
ઉપદેશ માટે પ્રહર પણ; ગાળીશ હું તારી કને! ૯૧

તું ક્યાં ભણી? આ કેમ વાંચ્યું? કોણ સમજાવે તને?
વિદ્વાન જે જાણે નહીં, તે યાદ કયમ આવે તને?
તું બરાબર સમજી શકે છે, શાસ્ત્રના સિદ્ધાન્તને;
બીજા ભલે વાતો કરે, તું પી ગઈ વેદાન્તને ૯૨

હું ખાણનો હીરો હતો, પણ સરાણે ન્હોતો ચડયો;
આજે પડયા જ્યાં પેલ ત્યાં, તેં હેમ વીંટીમાં જડયો!
આ મુદ્રિકાનું મૂલ્ય ન મળે, દેશ હિત એમાં વસે;
ચળકાટ એનો જોઇને, જો, સ્વર્ગના દેવો હસે! ૯૩

તું અર્ધ ને હું અર્ધ, સાથે એ મળી આખા થયાં;
બે હૃદય બીડાયાં હતાં, તે આજથી ઉઘડી ગયાં;
દિલ નિખાલસ તારૂં હતું, ગંગા નદીના જલ સમું
દિલ નિખાલસ મારૂં હતું, પણ રૂપ તેનું કારમું! ૯૪

ખુલ્લું થયું દિલ તુજ હવે, નિર્મળ થયું મારૂં હવે;
પ્રતિ હૃદયદ્વારા હોત તો, અમૃત તણાં બિન્દુ સ્રવે!

તન, મન અને ધન રંકનાં, કલ્યાણમાં અર્પણ કરી;
બન્ને તરત કામે વળગિયે, ભક્તિ, ધૈર્ય, ક્ષમા ધરી. ૯૫

નિષ્કામ કર્મ વિષે નિરંતર, ચિત્ત ચોડી વર્તવું;
કપરો સમય આવે કદી તો, જરા નવ ભીરૂ થવું;
આ દેશ અતિ અજ્ઞાન છે, જન દીર્ઘસૂત્રી તેમ છે;
અક્કલ વગર વાનર નકલમાં, સમજનારા ક્ષેમ છે. ૯૬

ભૂલે ભણેલા મૂર્ખ ભૂલે અર્ધદગ્ધો બહુ નડે;
આવે અચાનક કષ્ટ ત્યારે, સર્વ સાથે બડબડે!
નહિ દોષ પોતાના જુએ, પણ પરાયા જોયા કરે;
નિંદા અને ઇર્ષ્યા વિષે, નિજ સમય શુભ ખોયા કરે. ૯૭

નહિ કોઈની માને શિખામણ, ખુશામત ખોટી કરે!
અતિ નાશકારક રૂઢીયોને, શાસ્ત્રથી મોટી કરે!
આ દાટ વાળ્યો મધ્ય સમયે, ખ્યાલ તે ખસતો નથી;
નિશ્ચય નિયમમાં એક સરખો, સમુહ બહુ વસતો નથી. ૯૮

પતિ પ્રિયા આગળ દોષ નિજના, નથી કથતો પણ કદી;
ઉલટો બતાવી અધિક ગુણ, બની જાય છે અતિશય મદી;
પણ દોષ મેં મારા કહ્યા, છે હેતુ મારો એ મહીં;
તારા વિના વદવા તણું મેં, અન્ય સ્થળ જોયું નહીં! ૯૯

જ્યમ હૃદય તેં ખાલી કર્યું, ત્યમ આજ મેં મારૂં કર્યું!
આ શુદ્ધતાથી જો વિચારી, કાર્ય પણ કેવું સર્યું!
ભ્રમ ભેદનો ભાંગી ગયો, થઇ એકતા અંતર તણી;
પરિણામમાં આવી ચડયો, તુજ નાથ કર ચિંતામણી! ૧૦૦

ચાલો હવે સાંકડ મટી, જંજાળ મનની સૌ ઘટી;
કર્તવ્યમાં તત્પર બનો, રસના વડે પ્રભુને રટી;
સુત શ્યામનો દુર્લભ વદે, વર સાથ વહુ ચાલી ગઈ;
શત એક આ હરિગીતની, ત્યમ સમાપ્તિ સુંદર થઈ! ૧૦૧

:o:

# આ પુસ્તકના ચારે ભાગ સાથે છપાય છે. તે વિજયાદશમીને દિવસે બહાર પડશે.

૧ આ આખા પુસ્તકનું વાંચન તથા મનન અત્યંત ઉપયોગી છે.

૨ આ પુસ્તક દરેક સ્ત્રી, પુરૂષ, વૃદ્ધ તથા યુવાનને એક સરખું માર્ગદર્શક છે.

૩ એક કુલીન પત્ની પોતાના પતિત થતા જતા પતિને કેવે પ્રકારે ઠેકાણે લાવે છે તે, ચમત્કૃતિ આ પુસ્તકમાંથીજ મળી આવે છે.

૪ ભારતવર્ષમાં જે દૂષિત રજકણોથી વાતાવરણ બગડયું છે, તે વાતાવરણ સુધારવાના ખરા ઉપાયો આ પુસ્તકદ્વારા પ્રત્યક્ષ સમજાશે.

૫ આ પુસ્તક દરેક ઘરમાં, પુસ્તકાલયમાં તથા પ્રવાસમાં પણ સાથે હોવુંજ જોઇએ.

૬ પુસ્તકની કિંમત માત્ર બાર આના છે.

મંગાવનારે નીચેને શિરનામે પત્ર લખી મંગાવી લેવું.

**વૈદ્યકવિ દુર્લભ શ્યામ ધ્રુવ. બાનોસા.**

**પોસ્ટ દર્યાપુર. વરાડ Berar.**

---

આ પુસ્તક નં. ૯૬ ચીંચપોકલી પરેલ રોડપર આવેલ લેડી નોર્થકોટ હિન્દુ આર્ફનેજ કે. એન. સેલર પ્રેસમાં, મી૦ જાદવજી પીતાંબર ઠક્કરે છાપ્યું છે અને વૈદ્યકવિ દુર્લભ શ્યામ ધ્રુવે બાનોસા, પોસ્ટ દર્યાપુર; બિરારમાંથી પ્રસિદ્ધ કર્યું છે.